તારીખ : 25/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સોનાના ભાવમાં કડાકાથી ગોલ્ડ લોન ક્ષેત્રે નવી મુશ્કેલી

ધિરાણકર્તાઓ પર કોલેટરલનું દબાણ વધ્યું



સોનાના મૂલ્યમાં ઘટાડાથી લોનના LTV રેશિયોમાં વધારો થતાં ગ્રાહકોને વધારાની સિક્યોરિટી અથવા આંશિક ચુકવણીની માંગ – કેટલીક નાણાકીય સંસ્થાઓએ માર્જિન કોલ વધાર્યા, બાકી લેણાંની વસૂલાત માટે હરાજીનો આશરોદેશમાં સોનાના ભાવમાં થયેલા નોંધપાત્ર ઘટાડાની અસર હવે ગોલ્ડ લોનના બજાર પર પણ જોવા મળી રહી છે. અત્યાર સુધી સોનાને સુરક્ષિત ગીરવે રાખીને ધિરાણ આપવું બેંકો અને નોન-બેંકિંગ ફાઇનાન્સ કંપનીઓ (NBFCs) માટે એક પ્રમાણમાં સુરક્ષિત વ્યવસાય માનવામાં આવતો હતો, પરંતુ સોનાના ભાવમાં આવેલા મોટા ઘટાડાએ આ ક્ષેત્ર સામે નવો પડકાર ઊભો કર્યો છે. સોનાની કિંમત ઘટતાં ગીરવે રાખવામાં આવેલા સોનાની વર્તમાન બજારકિંમતમાં ઘટાડો થયો છે, જેના કારણે ધિરાણકર્તાઓના કોલેટરલ કવરેજ પર દબાણ વધી રહ્યું છે.નવેમ્બર 2026ના તાજેતરના અહેવાલો અનુસાર, ભારતમાં 916 શુદ્ધતાવાળા સોનાના ભાવમાં જાન્યુઆરીના પ્રતિ 10 ગ્રામ આશરે ₹.1.61 લાખના ઊંચા સ્તરથી 19 નવેમ્બર સુધીમાં ઘટીને આશરે ₹.1.19 લાખ સુધીનો ઘટાડો નોંધાયો હતો. એટલે કે સોનાના ભાવમાં અંદાજે 26 ટકાનો ઘટાડો થયો છે. બીજી તરફ, 25 નવેમ્બરના અહેવાલ મુજબ 24 કેરેટ સોનાનો સરેરાશ ભાવ પ્રતિ ગ્રામ ₹.12,458થી ₹.12,632ની આસપાસ રહ્યો હતો.

લોનની સામે સોનાનું મૂલ્ય ઘટતાં માર્જિન કોલની સ્થિતિ

ગોલ્ડ લોનમાં ગ્રાહક પોતાના સોનાના દાગીના ગીરવે મૂકીને તેની કિંમતના આધારે ધિરાણ મેળવે છે. આ વ્યવસ્થામાં Loan-to-Value (LTV) રેશિયો મહત્વપૂર્ણ ગણાય છે. સોનાના ભાવમાં ઘટાડો થાય ત્યારે ગીરવે રાખેલા સોનાનું મૂલ્ય ઘટે છે, પરંતુ ગ્રાહકની બાકી લોનની રકમ યથાવત રહે છે. પરિણામે લોનની સામે સોનાનું મૂલ્ય ઘટતાં ધિરાણકર્તાઓને જોખમનો સામનો કરવો પડે છે.આવી સ્થિતિમાં કેટલીક બેંકો અને ફાઇનાન્સ કંપનીઓ ગ્રાહકોનો સંપર્ક કરીને વધારાનું સોનું ગીરવે મૂકવા અથવા લોનની અમુક રકમ પરત ભરવા માટે માર્જિન કોલ આપી રહી છે. જો ગ્રાહક નિર્ધારિત સમયગાળામાં જરૂરી રકમ જમા ન કરાવે અથવા વધારાની સિક્યોરિટી પૂરી ન પાડે તો વસૂલાતની પ્રક્રિયા વધુ કડક બની શકે છે.

ડિફોલ્ટ વધતાં હરાજીની શક્યતાઓમાં વધારો

સોનાના ભાવમાં ઘટાડા સાથે ગોલ્ડ લોનના હપ્તા અને વ્યાજની ચુકવણીમાં વિલંબની સમસ્યા પણ ચર્ચામાં આવી છે. ટ્રાન્સયુનિયન CIBILના આંકડા મુજબ ઓગસ્ટ 2026ના અંતે ગોલ્ડ લોનનો NPA દર વધીને 0.30 ટકા થયો હતો, જે માર્ચ 2026ના અંતે 0.16 ટકા હતો.નાણાકીય ક્ષેત્રના અહેવાલો અનુસાર, કેટલીક ધિરાણકર્તા સંસ્થાઓએ વસૂલાતની કામગીરી વધુ સઘન બનાવી છે. ગ્રાહકો પાસેથી બાકી રકમ વસૂલવા માટે નિયમિત રિમાઇન્ડર અને નોટિસ આપવામાં આવી રહી છે. જો સમયસર ચુકવણી ન થાય તો ગીરવે મૂકેલા સોનાની હરાજી દ્વારા લેણાં વસૂલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી શકે છે.

RBIના નિયમો હેઠળ હરાજીની પ્રક્રિયા પારદર્શક રાખવી જરૂરી

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ ગોલ્ડ અને સિલ્વર સામે ધિરાણ માટે 2025માં નવી માર્ગદર્શિકા જાહેર કરી હતી. તેના આધારે 1 એપ્રિલ 2026થી અમલમાં આવેલી LTV મર્યાદા મુજબ ₹.2.5 લાખ સુધીની લોન માટે 85 ટકા, ₹.2.5 લાખથી વધુ અને ₹.5 લાખ સુધીની લોન માટે 80 ટકા તથા ₹.5 લાખથી વધુની લોન માટે 75 ટકા સુધીની મહત્તમ મર્યાદા નક્કી કરવામાં આવી છે.RBIની માર્ગદર્શિકા અનુસાર, હરાજી કરતાં પહેલાં ગ્રાહકને બાકી લેણાં ચૂકવવા માટે પૂરતી જાણ કરવી જરૂરી છે. હરાજીની જાહેરાત ઓછામાં ઓછા બે અખબારોમાં કરવાની હોય છે, જેમાં એક પ્રાદેશિક ભાષાનું અખબાર હોવું જરૂરી છે. હરાજી માટે સોનાની અનામત કિંમત તેની વર્તમાન કિંમતના ઓછામાં ઓછા 90 ટકા રાખવાની જોગવાઈ છે. સતત બે હરાજી નિષ્ફળ જાય તો આ મર્યાદા 85 ટકા સુધી રાખી શકાય છે. હરાજી બાદ લોનની બાકી રકમ કરતાં વધારાની રકમ મળે તો તે ગ્રાહકને પરત કરવાની પણ જોગવાઈ છે.

આગામી સમયમાં ગોલ્ડ લોન ક્ષેત્ર માટે કસોટીનો સમય

નિષ્ણાતોના મતે સોનાના ભાવમાં ઉતાર-ચઢાવ અને ગ્રાહકોની ચુકવણી ક્ષમતાને ધ્યાનમાં રાખીને ગોલ્ડ લોન આપતી સંસ્થાઓએ હવે વધુ સાવચેતી રાખવી પડશે. કેટલીક મોટી નાણાકીય સંસ્થાઓ નવા ધિરાણમાં પણ સાવચેતી દાખવી રહી છે અને કોલેટરલ સામે ઓછા પ્રમાણમાં લોન આપવાની નીતિ અપનાવી રહી છે.એક તરફ સોનાના ભાવમાં ઘટાડો સામાન્ય ખરીદદારો માટે રાહતરૂપ બની શકે છે, તો બીજી તરફ ઊંચા ભાવે સોનું ગીરવે મૂકીને લોન લેનારા ગ્રાહકો અને ધિરાણ આપતી સંસ્થાઓ બંને માટે આર્થિક પડકાર ઊભો થયો છે. આગામી સમયમાં સોનાના ભાવની દિશા, ગ્રાહકોની ચુકવણી ક્ષમતા અને નાણાકીય સંસ્થાઓની વસૂલાત નીતિ ગોલ્ડ લોન ક્ષેત્રની સ્થિતિ નક્કી કરવામાં મહત્વની સાબિત થશે.

તારીખ : 25/11/2026

“તેરા તુજકો અર્પણ” અભિયાન અંતર્ગત અમરેલી સીટી પોલીસની સરાહનીય કામગીરી :

CEIR પોર્ટલની મદદથી શોધેલા 6 મોબાઈલ ફોન મૂળ અરજદારોને પરત સોંપાયા



અમરેલી જિલ્લા પોલીસ દ્વારા નાગરિકોની મિલકતની સુરક્ષા અને ગુમ થયેલી વસ્તુઓ પરત અપાવવાના હેતુથી સતત સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે “તેરા તુજકો અર્પણ” કાર્યક્રમ અંતર્ગત અમરેલી સીટી પોલીસ દ્વારા અરજદારોના પડી ગયેલા અને ગુમ થયેલા મોબાઈલ ફોન CEIR (Central Equipment Identity Register) પોર્ટલની મદદથી સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યા હતા.પોલીસ દ્વારા ટેકનિકલ માધ્યમોનો ઉપયોગ કરી શોધી કાઢવામાં આવેલા કુલ 6 મોબાઈલ ફોન તેમના મૂળ માલિક અરજદારોને પરત સોંપવામાં આવ્યા હતા. લાંબા સમય બાદ પોતાના ખોવાયેલા મોબાઈલ ફોન પરત મળતાં અરજદારોમાં આનંદની લાગણી જોવા મળી હતી. પોલીસની આ કામગીરીથી નાગરિકોમાં પોલીસ પ્રત્યે વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.

આ કામગીરી અંતર્ગત નીચેના અરજદારોને તેમના મોબાઈલ ફોન પરત સોંપવામાં આવ્યા હતા.

સાગરભાઈ બટુકભાઈ લુણસાગર – ચલાલા, લાલજીભાઈ વિઠ્ઠલભાઈ વાઘેર – અમરેલી, શનિ પરેશભાઈ સેલાર – અમરેલી, સંજયભાઈ ચંદુભાઈ વાઘેરા – મેંદરડા, અમિતભાઈ વિનુભાઈ માઘડ – નાના ભંડારીયા, વિરેનકુમાર કામભાઈ કલસરીયા – બાબરીયાધારઆમ, અમરેલી સીટી પોલીસ દ્વારા ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ કરી નાગરિકોના ખોવાયેલા મોબાઈલ ફોન પરત અપાવવાની કામગીરી કરવામાં આવી હતી. પોલીસની આ લોકાભિમુખ અને પ્રજાલક્ષી કામગીરીને નાગરિકો દ્વારા આવકારવામાં આવી રહી છે.

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973



KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 25/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭

ઉત્સવની ઉજવણીનો ઠાઠ !





















T & C APPLY*

કુલ ઇનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 25/11/2026

દામનગરમાં લેઉવા પટેલ સમાજના પાંચમા સમૂહ લગ્નોત્સવમાં 15 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યાં



દીકરીઓને કરિયાવર અર્પણ કરી આશીર્વાદ અપાયા, ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યાઅમરેલી જિલ્લાના દામનગર ખાતે ખોડલધામ પ્રેરિત લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજિત પાંચમો સમૂહ લગ્નોત્સવ સોમવારે સ્વામિનારાયણ ગુરુકુળ પરિસરમાં હર્ષોલ્લાસ અને ધાર્મિક માહોલમાં સંપન્ન થયો હતો. આ પાવન પ્રસંગે 15 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડીને દાંપત્યજીવનનો નવો અધ્યાય શરૂ કર્યો હતો.સમૂહ લગ્નોત્સવમાં તમામ 15 દીકરીઓને સમાજ તરફથી કરિયાવર અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખોડલધામ સમિતિઓ, મહિલા ખોડલધામ સમિતિઓ તેમજ વિવિધ સામાજિક, સ્વૈચ્છિક અને ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.કાર્યક્રમમાં દામનગર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં સમાજના ભાઈઓ-બહેનો જોડાયા હતા. સમૂહ લગ્નોત્સવના માધ્યમથી સામાજિક એકતા, સહકાર અને સાદગીપૂર્ણ લગ્નપ્રથાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.સમગ્ર સમૂહ લગ્નોત્સવને સફળતાપૂર્વક સંપન્ન કરવા માટે લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટના હોદ્દેદારો, સભ્યો અને કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. નવદંપતીઓને ઉપસ્થિત સૌએ સુખી, સમૃદ્ધ અને મંગલમય દાંપત્યજીવન માટે શુભકામનાઓ પાઠવી હતી.

તારીખ : 25/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





Organised by:
HEADWAY
BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru
908 1 24 1 916

"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®
SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના
ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

ડે.ડી NEWS

તારીખ : 25/11/2026

મતદાર યાદી સુધારણા માટે ત્રણ ખાસ કેમ્પ યોજાશે : નાગરિકોને લાભ લેવા અપીલ



29 નવેમ્બર, 6 અને 13 ડિસેમ્બરના રોજ સવારે 10થી સાંજે 5 વાગ્યા સુધી નજીકના મતદાન મથક પર કેમ્પ યોજાશેગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ખાસ કેમ્પના દિવસોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત આગામી તા. 29 નવેમ્બર, 2026, તા. 6 ડિસેમ્બર, 2026 અને તા. 13 ડિસેમ્બર, 2026ના રોજ સવારે 10થી સાંજે 5 કલાક સુધી નજીકના મતદાન મથક ખાતે ખાસ કેમ્પ યોજાશે.આ કેમ્પ દરમિયાન મતદાર યાદીમાં નવું નામ દાખલ કરાવવા, નામ કમી કરાવવા, નામ તથા અન્ય વિગતોમાં સુધારો કરાવવા તેમજ રહેઠાણના સરનામામાં ફેરફાર કરાવવા જેવી કામગીરી કરાવી શકાશે.

આથી તમામ નાગરિકોને પોતાની તથા પરિવારના સભ્યોની મતદાર યાદીમાં નોંધાયેલી વિગતોની ચકાસણી કરી જરૂરી સુધારા કરાવવા અને ખાસ કેમ્પનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 25/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આઈસર ટ્રેકટરમાં જોડાવવાની સુવર્ણ તક

જોઈએ છે...

બાલકિષ્ના ટ્રેકટર - સાવરકુંડલા માટે...

જગ્યાઓ : સેલ્સમેન - 04

* કોમ્પ્યુટર ઓપરેટર (અનુભવી) - 01

મિકેનિક - 01 *

હેલ્પર - 01 * પટ્ટાવાળા - 01

સંપર્ક : મો. 63588 22661

Email : bktskundla@gmail.com

કે.કે NEWS

તારીખ : 25/11/2026

એશિયાના શક્તિશાળી દેશોમાં ભારતનો દબદબો યથાવત્, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રાદેશિક નેતૃત્વમાં બીજા ક્રમે

લોવી ઈન્સ્ટિટ્યૂટના એશિયા પાવર ઈન્ડેક્સ 2026ના અહેવાલમાં ભારતની વધતી વૈશ્વિક પ્રતિષ્ઠા પર મહોર

ભારતની વધતી જતી આંતરરાષ્ટ્રીય તાકાત, રાજદ્વારી પ્રભાવ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના અસરકારક નેતૃત્વની વધુ એક વખત આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે. ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત સંસ્થા લોવી ઈન્સ્ટિટ્યૂટ (Lowy Institute) દ્વારા જાહેર કરવામાં આવેલા એશિયા પાવર ઈન્ડેક્સ 2026ના અહેવાલ અનુસાર ભારત એશિયાનો ત્રીજો સૌથી શક્તિશાળી દેશ બન્યું છે, જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી એશિયાના બીજા સૌથી અસરકારક પ્રાદેશિક નેતા તરીકે સ્થાન પામ્યા છે.તા. 23 નવેમ્બર, 2026ના રોજ જાહેર થયેલા આ અહેવાલમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પ્રથમ ક્રમે અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીજા ક્રમે રહ્યા છે. વર્ષ 2025ની સરખામણીએ વડાપ્રધાન મોદીના પ્રાદેશિક નેતૃત્વના મૂલ્યાંકનમાં ત્રણ સ્થાનનો સુધારો નોંધાયો છે.આ ઈન્ડેક્સમાં ભારતે 100માંથી 40.5 પોઈન્ટ મેળવ્યા છે, જે અગાઉના વર્ષ કરતાં 0.5 પોઈન્ટનો વધારો દર્શાવે છે. ભારતે અમેરિકા અને ચીન પછી એશિયાના ત્રીજા સૌથી શક્તિશાળી દેશ તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. નોંધનીય બાબત એ છે કે વર્ષ 2018માં આ ઈન્ડેક્સ શરૂ થયો ત્યારથી ચીન અને ભારત વચ્ચેનો શક્તિનો તફાવત સૌથી નીચા સ્તરે પહોંચ્યો છે.અહેવાલમાં ભારતની રાજદ્વારી ક્ષમતા, સંરક્ષણ ક્ષેત્રે વધતી ભાગીદારી, સાંસ્કૃતિક પ્રભાવ અને ભવિષ્યની સંભાવનાઓમાં થયેલી પ્રગતિને પણ વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ખાસ કરીને



દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો સાથેના સંરક્ષણ સહયોગ અને બ્રહ્મોસ મિસાઈલના વેચાણથી ભારતની પ્રાદેશિક સુરક્ષા ભાગીદારી વધુ મજબૂત બની હોવાનું નોંધાયું છે.આ અહેવાલ ભારતની વધતી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અને એશિયામાં તેની મજબૂત બની રહેલી ભૂમિકાનું પ્રતિબિંબ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત આર્થિક, સંરક્ષણ, ટેકનોલોજી અને રાજદ્વારી ક્ષેત્રે પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી રહ્યું છે. જોકે અહેવાલમાં ભારતની આર્થિક ક્ષમતાના કેટલાક પડકારોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આમ, વિશ્વના રાજકીય અને વ્યૂહાત્મક સમીકરણો વચ્ચે ભારતનું મજબૂત સ્થાન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું એશિયાના અસરકારક નેતાઓમાં બીજું સ્થાન દેશ માટે ગૌરવની બાબત બની રહ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 25/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

‘‘શ્રી વલ્લભ’’

ટેનામેન્ટ વેચવાનું છે.

શિવલીલા સોસાયટીમાં 2 BHK ફુલ્લી ફર્નિશ્ડ ટેનામેન્ટ વેચવાનું છે.

સંપર્ક : કેતન પાટડિયા

મો. 90333 08049

ટે.ડે NEWS

તારીખ : 25/11/2026

ચિતલમાં ૨૬ નવેમ્બરે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન

ચિતલ ખાતે શ્રી રણછોડદાસબાપુ હોસ્પિટલ અને વિદ્યા ભારતી ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. માનવસેવા અને સમાજના જરૂરિયાતમંદ લોકોને આંખોની સારવારનો લાભ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે આ સેવાયજ્ઞનું આયોજન કરાયું છે.આ કેમ્પ તારીખ ૨૬ નવેમ્બર, ૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૮:૩૦ કલાકે શ્રી સરસ્વતી વિદ્યામંદિર, ચિતલ ખાતે યોજાશે.

આ કેમ્પ વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે ભગવાન શ્રી રણછોડદાસબાપુની અસીમ કૃપાથી દર મહિનાની ૨૬મી તારીખે યોજાતા નેત્ર નિદાન કેમ્પ અંતર્ગત આ ૧૨૫મો કેમ્પ યોજાવા જઈ રહ્યો છે.

આ સેવાકાર્ય સ્વ. બાબુભાઈ કાનજીભાઈ સોડિંગણાની પાવન સ્મૃતિ નિમિત્તે શ્રી નટુભાઈ બાબુભાઈ સોડિંગણા તેમજ પરિવારજનોના સહયોગથી આયોજિત કરવામાં આવ્યું છે.કેમ્પના ઉદ્ઘાટન પ્રસંગે દીપ પ્રાગટ્ય શ્રી વિશ્વનાથદાસજી બાપુ અને નિતેશભાઈ દોડિયા (એમ.ડી. – બગસરા નાગરિક શરાફી મંડળી)ના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે જિગ્નેશભાઈ નટુભાઈ સોડિંગણા, ચેતનભાઈ નટુભાઈ સોડિંગણા, પ્રતીકભાઈ રાવલ અને રશ્મિબેન રાવલ ઉપસ્થિત રહેશે.આ સમગ્ર નેત્રયજ્ઞને સફળ બનાવવા માટે ભિપીનભાઈ દવે (સહસંયોજક, નેત્રયજ્ઞ આયોજન સમિતિ), દિનેશભાઈ મેસિયા (સંયોજક, નેત્રયજ્ઞ આયોજન સમિતિ) તથા ઈશ્વરભાઈ કે. મહેતા (પ્રમુખ, વિદ્યા ભારતી ટ્રસ્ટ – ચિતલ) સહિત સમિતિના સભ્યો, સહયોગીઓ અને સલાહકારો જહેમત ઉઠાવી રહ્યા છે.

આયોજકો દ્વારા વિસ્તારના તમામ નાગરિકોને આ નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનો લાભ લેવા તેમજ જરૂરિયાતમંદ લોકોને કેમ્પની જાણકારી પહોંચાડવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે. માનવસેવા એ જ પ્રભુસેવાના ભાવ સાથે યોજાતો આ ૧૨૫મો નેત્ર નિદાન કેમ્પ સમાજમાં સેવાભાવ અને લોકકલ્યાણની ભાવનાને વધુ મજબૂત બનાવશે.નોંધ: કેમ્પનો સમય સવારે ૮:૩૦ કલાકનો છે અને સ્થળ શ્રી સરસ્વતી વિદ્યામંદિર, ચિતલ છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 25/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




ઓફિસ વર્ક કરી શકે અને લેપટોપ ચલાવી શકે તેવા 2 લેડીઝ સ્ટાફ ની જરૂર છે..

: સંપર્ક :

મો. 90 81 51 9494

તારીખ : 25/11/2026

ફતેપુર ભોજલધામના પ્રથમ પાટોત્સવ અને સમૂહ લગ્નોત્સવમાં ઊમટ્યો શ્રદ્ધા અને સેવાભાવનો સંગમ



અમરેલી જિલ્લાના ફતેપુર ખાતે પ.પૂ. ભોજલરામબાપાની પાવન ભૂમિ ભોજલધામમાં પ્રથમ પાટોત્સવ નિમિત્તે ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ. ભોજલરામબાપાના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કરવાનો અવસર ઉપસ્થિત મહાનુભાવો અને ભાવિક ભક્તો માટે શ્રદ્ધા અને આસ્થાનો વિશેષ પ્રસંગ બન્યો હતો. પ્રથમ પાટોત્સવની ઉજવણી અંતર્ગત આયોજિત સમૂહ લગ્ન સમારોહમાં પણ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.આ પ્રસંગે ગુજરાત સરકારના ઊર્જા મંત્રી તથા અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા સહિત રાજકીય આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સામાજિક આગેવાનો અને મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ ભોજલરામબાપાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તેમજ ધાર્મિક આયોજનની સરાહના કરી હતી.ભોજલધામ ખાતે યોજાયેલા સમૂહ લગ્ન સમારોહમાં લગ્નજીવનની નવી સફર શરૂ કરનાર નવદંપતીઓને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. નવદંપતીઓનું જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ અને પરસ્પર પ્રેમથી ભરપૂર રહે તેમજ તેમનું દાંપત્યજીવન મંગલમય બને તેવી હાર્દિક શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.ધાર્મિક આસ્થા સાથે સામાજિક જવાબદારી અને સેવાભાવને જોડતા આવા આયોજનો સમાજમાં સંસ્કાર, સહકાર, એકતા અને સમરસતાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. સમૂહ લગ્ન જેવા ઉમદા પ્રયાસો દ્વારા સામાજિક ખર્ચમાં



ઘટાડો થવાની સાથે સમાજમાં સમાનતા અને સામૂહિક જવાબદારીનો સંદેશ પણ પ્રસરે છે.ભોજલધામ ખાતે પ્રથમ પાટોત્સવ નિમિત્તે યોજાયેલા વિવિધ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોએ ભક્તિ, શ્રદ્ધા અને માનવસેવાનો સુંદર સમન્વય પ્રસ્તુત કર્યો હતો. સમગ્ર આયોજન ભક્તજનો માટે આસ્થાભર્યો અને યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 25/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

બ્રાન્ડ તો બનાવવી જ પડે..



ડીઝીટલ પ્લેટફોર્મ પર
હરણફાળ ભરનાર

પ્રકાશ પ્રિન્ટર્સ

હંમેશા એક કદમ આગળ...

તમારો પોતાના ધંધો ઓનલાઈન લોન્ચ કરો
અને બનાવો તમારા પોતાના

ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ
તમારા બિઝનેસને આપો

એક નવી ડિજિટલ ઓળખ !

માત્ર **299** + GST પ્રતિ વર્ષ

- તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
- તમારી પ્રોફાઇલની પોતાની Shareable Link
- Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
- તમારા બિઝનેસ માટે Video Gallery
- Customer Reviews દર્શાવવાની સુવિધા
- WhatsApp Direct Contact ની સુવિધા
- Google Map Location ઉમેરવાની સુવિધા
- તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
- તમારી Digital Profile માટે QR Code
- Digital Visiting Card બનાવવાની સુવિધા
- Mobile, Laptop અને Tablet દરેક ડિવાઇસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

વધુ માહિતી માટે સંપર્ક :

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડિઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ,
ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....



કે.ડી NEWS

તારીખ : 25/11/2026

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી.મોદી હાઈસ્કૂલમાં રમેશ પારેખની જન્મ જયંતિ ઉજવાય



શાળામાં અમરેલી જિલ્લાના મૂર્ધન્ય કવિ સ્વર્ગસ્થ રમેશ પારેખની 27 નવેમ્બર જન્મ જયંતિના ઉપક્રમે કવિને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં મુખ્ય વક્તા તરીકે અમરેલીની અજમેરા હાઈસ્કુલના રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારીતોષિક વિજેતા કવિ અને લેખક શ્રી કેતનભાઈ જોશી ઉપસ્થિતિ રહી તેમણે રમેશ પારેખ ની કવિતાઓનો રસાસ્વાદ, બાળગીતો અને એના જીવન કવન ઉપર મનનીય વક્તવ્ય આપ્યું. તો કાર્યક્રમની શરૂઆતમાં ગાયક શ્રી વિજયભાઈ મહેતાએ સ્વાગત ગીત રજૂ કર્યું.

આવકાર વક્તવ્ય શાળાના ઈન્ચાર્જ આચાર્ય જીતુભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું તેમજ નૂતન કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી કનુભાઈ ગેડિયા સાહેબ દ્વારા કેતનભાઈ જોશીનું શાલ ને પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું.આ તકે જે.ટી. ખડદીયા સાહેબ, અલ્પાબેન રાવળ અને અમરેલી જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા શ્રી ભીખેશભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. હાજર સૌ શ્રોતાઓએ રમેશ પારેખની કાવ્ય રચનાઓનો પાઠ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 25/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

JTC HOL!DAYS
Beyond The Imagine

પ્રવાસની પરફેક્ટ
શરૂઆત અમારી સાથે

- હનીમૂન ટુર
- ગ્રુપ ટુર
- કોર્પોરેટ ટુર
- ડોમેસ્ટિક ટુર
- ઈન્ટરનેશનલ ટુર
- એક્ઝિબિશન ટુર
- સ્ટુડન્ટ ટુર
- એડવેન્ચર ટુર
- સફારી ટુર
- ડેઝર્ટ ટુર
- ધાર્મિક ટુર

A To Z Tours નું
પ્લાનિંગ અને પેકેજીંગ

બેસ્ટ પ્રાઈઝ તેમજ
બેસ્ટ સર્વિસ અમે આપીશું

પ્લાન છે ફરવાનો ?
એકવાર અમારો સંપર્ક કરો
યાદગાર ટુરની ગેરંટી

khushi_tourism_

મો
94264 58189

EXPLORE THE WORLD WITH JOY
KHUSHI TOURISM

Luxury awaits, Memories stay

કે.ડી NEWS

તારીખ : 25/11/2026

ડોક્ટર હેડગેવાર સેવા સમિતિ દ્વારા 38 મો આયુર્વેદિક કેમ્પ યોજાયો



આજ તા. 25/11/26 ને બુધવાર ના રોજ નિયામક શ્રી-આયુષની કચેરી ,ગુજરાત રાજ્ય તથા જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી-અમરેલી ના માર્ગદર્શન અંતર્ગત તથા RSS સંચાલીત ડૉ. હેડગેવાર સેવા સમીતી, સાવરકુંડલા ના સહયોગ થી સરકારી આયુર્વેદ દવાખાનુ, ખડકાળા, તા. સાવરકુંડલા,જી. અમરેલી દ્વારા શ્રી ઉતાવળા હનુમાન મંદિર હાથસણી રોડ, સાવરકુંડલા ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં ગ્રામજનો ને સ્વાસ્થ્ય અંગે માહિતી આપવામાં આવી. આ નિદાન કેમ્પ મા નિદાન અને સારવાર ઉપરાંત લાભાર્થીઓ ને દિનચર્યા તથા ઋતુચર્યા નું પણ માર્ગદર્શન,



આરોગ્ય લક્ષી પત્રિકા નું વિતરણ નું આયોજન કરવામાં આવ્યું, જેમાં બહોળી સંખ્યા મા લોકો એ લાભ લીધો હતો.આ કેમ્પ માં વૈદ્ય કૌશલ ગોંડલીયા તેમજ ડોક્ટર હેડગેવાર સેવા સમિતિના વિનાયકભાઈ પરમાર, પંકજભાઈ વ્યાસ, અશોકભાઈ અગ્રાવત, કૌશિકભાઈ, બોરીસાગર, ઈશ્વરભાઈ પરમાર,હિરેન ડાભી એ સેવા આપી.

કે.ડી. NEWS

તારીખ : 25/11/2026



Hiral Manojbhai Vala

HAPPY Birthday

કે.ડી. ન્યુઝનાં સોશ્યલ મિડીયા ડીપાર્ટમેન્ટમાં ક્રીએટીવ આર્ટીસ્ટ તરીકે સમાજમાં બનતા બનાવોને પોતાની કૌશલ્યપુર્ણ ક્રીએટીવીટીથી વીઝયુલાઈઝ કરી સોશ્યલ મિડીયા સમક્ષ ચરિતાર્થ કરવામાં માહિર એવા હિરલબેનને જન્મદિવસની ખુબ-ખુબ શુભેચ્છાઓ...

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 25/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક







અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

— સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ —

નારોલા
લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

કે.કે NEWS

તારીખ : 25/11/2026

અમરેલીમાં પૂ. મહાત્મા મૂળદાસબાપાની જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરાઈ

લુહાર સમાજ દ્વારા શોભાયાત્રા, મહાપ્રસાદ અને સરસ્વતી સન્માન સહિતના કાર્યક્રમો યોજાયા; મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા



અમરેલી શહેરમાં લુહાર સમાજ દ્વારા પૂજ્ય મહાત્મા મૂળદાસબાપાની જન્મજયંતિ નિમિત્તે ભવ્યાતિભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના રાજમાર્ગો પર ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં સમાજના આગેવાનો, યુવાનો અને મોટી સંખ્યામાં સમાજબંધુઓ જોડાયા હતા.જન્મજયંતિ મહોત્સવ અંતર્ગત પૂજન-અર્ચન, મહાપ્રસાદ સહિતના વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાએ ખાસ ઉપસ્થિત રહી પૂજ્ય મહાત્મા મૂળદાસબાપાના દર્શન કરી પૂજન-અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા.ઉજવણીના ભાગરૂપે આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમમાં શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર લુહાર સમાજના તેજસ્વી તારલાઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા નાં પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા સહિતના મહાનુભાવો, સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર આયોજન દ્વારા ધાર્મિક આસ્થા સાથે સમાજની એકતા, શિક્ષણ પ્રત્યેની જાગૃતિ અને નવી પેઢીના ઉત્સાહને પ્રોત્સાહન આપવાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

પ્રકાશ પ્રિન્ટર્સ

તમારા બિઝનેસ
લોગો અને ડિટેલ સાથે
પોસ્ટર મેળવો

માત્ર
₹.249
1વર્ષ

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઈસની)

વોટ્સેપ + ફેઈસબુક + ઈન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે


ફેસ્ટીવલ ઈમેજ


ગુડ મોર્નિંગ પોસ્ટ


ગુડ નાઈટ પોસ્ટ


બર્થ ડે પોસ્ટ


પોલીટીકલ પોસ્ટ


સુવિચાર પોસ્ટ


મોટીવેશનલ પોસ્ટ


સ્પેશ્યલ કેટેગરી



સુપ્રસિધ્ધ સ્થાનીક સંતો
મહંતોના જન્મ જયંતી
તેમજ જન્મદિવસની
પોસ્ટ સમાવેશ

તો આજેજ ડાઉલોડ કરો

આપનાં એન્ડ્રોઈડ મોબાઈલનાં
પ્લેસ્ટોરામાં જઈને

GET IT ON Google Play

PRAKASH
PRINTERS

વધારે માહિતી માટે સંપર્ક – મો. **9409545745**

K.D NEWS ના પ્લેટફોર્મ પર





જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...

અને આપે છે


વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો


















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 25/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...


“

ખૂનની ક્રિયા સ્વતઃ ભયંકર છે, માટે જ એનો અંજામ ભયંકર આવે છે. પાપનું સેવન જે દિવસે સ્વતઃ ભયંકર લાગશે એ દિવસે આપણાથી પાપ થઈ નહીં શકે.

”



આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



તારીખ : 25/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026

Gurutattva

3587
25/11/2026
Wednesday

ॐ आत्मा ॐ

"गुरुदिक्षा" सदैव गुरु और
शिष्य मे एक आत्मीय
संम्बन्ध निर्माण करती है,
साधक उसका महत्व ही
नही समझते है,

शिवकृपानन्द स्वामी
25/11/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 25/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

શિક્ષક: બેટા, હોમવર્ક કેમ નથી કર્યું?

વિદ્યાર્થી: સાહેબ, લાઈટ જતી રહી હતી!

શિક્ષક: તો મીણબત્તી સળગાવી હોત ને!

વિદ્યાર્થી: સાહેબ, દીવાસળી શોધવા મોબાઈલની લાઈટ ચાલુ કરવી પડે!

પત્ની: સાંભળો છો, હું મૌન રહું છું?

પતિ: હા હો!પત્ની: સાચું કહો છો!

પતિ: ખોટું કહું તો આજે જમવાનું બહારથી મંગાવવું

મિત્ર: તું સવારે વહેલો ઊઠે છે?

બીજો મિત્ર: હા, રોજ!

મિત્ર: વાહ! પછી શું કરે છે?

બીજો મિત્ર: પાછો સૂઈ જાઉં છું!

તારીખ : 25/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે



હોલસેલ ભાવે

નાની-મોટી


ચીઠ્ઠી બુક

વિદ્યાર્થીઓ માટે

૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 25/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 25/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



કે.ડી

NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



97K

61K

45K

100K

સંપર્ક : મો. 94997 97973